
અહો દેવના દેવ હો વિશ્વ સ્વામિ, કરૂ સ્તુતિ હું આપની શીશ નામી, દયાળુ પ્રભુ આપદાથી ઉગારો, દીનાનાથ તું એક આધાર અમારો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૫૫ | ૨૬ નવેમ્બર, ૨૦૨૦, ગુરૂવાર; કારતક સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

નિવારનું સંકટ - ચેન્નાઈ, પોંડીચેરી અને આંધ્રપ્રદેશ, તેલંગણાના દરિયાકાંઠે નિવાર ચક્રવાત સાંજે ૫ વાગ્યે ત્રાટક્યું હતું... દરિયાઈ મોજા ખુબ ઉંચે સુધી ઉછળ્યા હતા... છેલ્લા ૨૪ કલાકથી સમગ્ર વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે... જોકે પ્રાથમિક અહેવાલો મુજબ કોઈ જાનહાનિના ખબર નથી... આવનારા સમયમાં નુકસાનની વિગતો મળશે પણ અત્યારે ચક્રવાતની અસરથી ચેન્નાઈ જળબંબાકાર થયું છે...

## કોરોનાના સંક્રમણને નિયંત્રિત કરવા કેન્દ્ર સરકારની ગાઈડલાઈન જાહેર

**કન્ટેન્ટમેન્ટ ઝોનમાં માત્ર જીવનજરૂરી ગતિવિધિને જ મંજૂરી મળશે : કેન્દ્રીય ગૃહ મંત્રાલયે દિશાનિર્દેશો બહાર પાડ્યા : પહેલીથી ૩૧ ડિસેમ્બર સુધી અમલમાં રહેનારી આ ગાઈડલાઈન અંતર્ગત કન્ટેનમેટ ઝોન્સમાં તમામ તકેદારીઓના પાલનની જવાબદારી સ્થાનિક તંત્રની**

નવી દિલ્હી, તા. ૨૫

ઘણા રાજ્યોમાં કોરોના વાયરસ સંક્રમણના કેસો ઝડપથી વધ્યા બાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયએ બુધવારે નવા દિશાનિર્દેશો બહાર પાડ્યા છે. કોરોના મહામારી ફેલાતી રોકવા માટે બહાર પડાયેલી આ નવી ગાઈડલાઈન ૧ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધી લાગુ રહેશે. જેમાં કન્ટેનમેન્ટ ઝોનમાં જીવન જરૂરી ગતિવિધિઓને જ મંજૂરી આપવામાં આવશે.

ગાઈડલાઈન મુજબ, કન્ટેનમેન્ટ ઝોન્સમાં બધી તકેદારીઓનું પાલન કરાવવાની જવાબદારી જિલ્લા વહીવટી તંત્રની રહેશે. કન્ટેનમેન્ટ ઝોન્સની યાદી જિલ્લા કલેક્ટરો અને સંબંધિત રાજ્યોની વેબસાઈટ્સ પર મૂકવાની રહેશે. કન્ટેનમેન્ટ ઝોન્સ માટે બનાવાયેલા નવા નિયમોનુ પાલન સુનિશ્ચિત કરવાની જવાબદારી સ્થાનિક પોલીસ, નિગમ અને જિલ્લા તંત્રની રહેશે. રાજ્ય અન કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકારોએ આ અંગે અધિકારીઓની જવાબદારી નિશ્ચિત કરવાની રહેશે.

નવી ગાઈડલાઈન્સ મુજબ, સિનેમા હોલ્સ, થિયેટર્સ, સ્વિમિંગ પૂલ વગેરેને લઈને પ્રતિબંધો ચાલુ રહેશે. સિનેમા હોલ હજુ પણ ૫૦ ટકા દર્શક ક્ષમતા સાથે ચાલશે. સ્વિમિંગ પૂલ્સનો ઉપયોગ માત્ર સ્પોર્ટ્સ પર્સનની ટ્રેનિંગ માટે જ કરી શકાશે. ગૃહ મંત્રાલયની ગાઈડલાઈન મુજબ, કોઈપણ કાર્યક્રમ પછી તે ધાર્મિક હોય, સામાજિક હોય કે સ્પોર્ટસનો હોય, મનોરંજન કે શૈક્ષણિક હોય, તેમાં ૨૦૦થી વધુ લોકો ભાગ નહીં લઈ શકે. સરકાર ઈચ્છે તો આ સંખ્યાને ૧૦૦ કે તેનાથી વધુ ઓછી કરી શકે છે.

રાજ્યોને પોતાને ત્યાંની સ્થિતિ મુજબ નાઈટ કર્ફ્યૂ જેવા નિર્ણય લેવાની છૂટ છે. જે શહેરોમાં સાપ્તાહિક કેસ પોઝિટિવિટી રેટ ૧૦ ટકાથી ઉપર રહેશે, ત્યાં ઓફિસો, ફેક્ટરીઓ, દુકાનો વગેરેમાં

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસના દિગ્ગજ નેતા અહેમદ પટેલનું અવસાન

**નિધન પર વડાપ્રધાન મોદી અને રાહુલ ગાંધીએ દુઃખ વ્યક્ત કર્યું : કોરોનાનો ચેપ લાગ્યા બાદ લાંબી સારવારના અંતે મૂળ ભરુચના અને સોનિયા ગાંધીના ખાસ નેતાએ વિદાય લીધી : પ્રિયંકા અને દિગ્વિજય દુઃખ વ્યક્ત કર્યું**

ગુરુગ્રામ,તા.૨૫

કોંગ્રેસના સિનિયર નેતા અને ગુજરાતના રાજ્યસભાના સાંસદ અહેમદ પટેલનું ગુરુગ્રામની એક પ્રાઈવેટ હોસ્પિટલમાં અવસાન થયું છે. ૭૧ વર્ષીય અહેમદ પટેલને એક મહિના પહેલા કોરોનાનો ચેપ લાગ્યો હતો, અને ત્યારથી તેમની સ્થિતિ સતત વણસી રહી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, તેમના શરીરના અંગોએ કામ કરવાનું બંધ કરી દેતા બુધવારે સવારે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. એક ટ્વીટમાં તેમના દીકરા ફૈઝલ શેખે અહેમદ પટેલ બુધવારે સવારે ૩.૩૦ કલાકે અવસાન પામ્યા હોવાનું જણાવ્યું હતું. તેમણે દિગવંત નેતાને શ્રદ્ધાંજલિ આપવા માટે કોવિડ પ્રોટોકોલ અનુસાર લોકોને મોટી સંખ્યામાં ભેગા ના થવા માટે પણ અપીલ કરી હતી. અહેમદ પટેલ મૂળ ભરુચના છે, અને તેઓ ભરુચ લોકસભા બેઠકના પૂર્વ સાંસદ પણ રહી ચૂક્યા છે. અહેમદ પટેલ કોંગ્રેસના ખજાનચી પણ હતા, તેમજ સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર પણ. ૧ ઓક્ટોબરના રોજ તેમને કોરોનાનો ચેપ લાગ્યો હતો, અને ૧૫ નવેમ્બરે તેમને મેદાંતા હોસ્પિટલના આઈસીયુમાં એડમિટ કરાયા હતા. મોદીએ સ્વર્ગીય નેતાને શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું હતું કે હું તેમના અવસાનથી દુઃખી છું. તેમણે જાહેરજીવનમાં વર્ષો વિતાવ્યા, અને સમાજની સેવા કરી. તેઓ પોતાની વિચક્ષણ બુદ્ધિ માટે જાણીતા હતા અને કોંગ્રેસને મજબૂત બનાવવા માટે તેમણે નીભાવેલી ભૂમિકા માટે તેમને યાદ રખાશે. અહેમદ પટેલ સોનિયા



ગાંધીના પોલિટિકલ સેક્રેટરી તરીકે કોંગ્રેસમાં ખૂબ જ લાંબો સમય સુધી પાવર સેન્ટર રહ્યા હતા. તેમણે રાજીવ ગાંધીના પોલિટિકલ સેક્રેટરી તરીકે પણ ૧૯૮૫માં ફરજ બજાવી હતી. ૨૦૧૮માં તેમની પક્ષના ખજાનચી તરીકે નિમણૂંક કરાઈ હતી. આઠવાર સાંસદ રહી ચૂકેલા અહેમદ પટેલ ત્રણવાર લોકસભા અને પાંચવાર રાજ્યસભા ચૂંટણી લડીને વિજેતા બન્યા હતા. ૨૦૧૭માં તેમણે રાજ્યસભાની ચૂંટણીમાં ખૂબ જ આકરી લડત આપીને જીત મેળવી હતી. તેમની ગણના કોંગ્રેસના ટ્રબલશૂટર તરીકે તેમજ અન્ય પક્ષો સાથેના કો-ઓર્ડિનેટર તરીકે પણ કરાતી હતી.

## ઓક્સફોર્ડ યુનિવર્સિટીની રસી સૌથી વધુ અસરકારક

**ભારત માટે કોરોના રસી મહત્વની છે : વેક્સિનની કાગડોળે વાટ જોવાઈ રહી છે અને બહુ જલદી આ લાંબા ઈન્તેજારનો અંત આવવાની તૈયારીમાં છે**

નવી દિલ્હી,તા.૨૫

કોરોના વેક્સિનની કાગડોળે વાટ જોવાઈ રહી છે અને બહુ જલદી આ લાંબા ઈન્તેજારનો અંત આવવાની તૈયારીમાં છે. અનેક દેશોમાં કોરોના રસીની ટ્રાલ ફાઈનલ સ્ટેજમાં છે. સારી વાત એ છે કે તેમાંથી અનેક રસી કોરોનાની સારવારમાં ૯૦ ટકાથી વધુ અસરકારક સાબિત થઈ રહી છે. આ મામલે ઓક્સફોર્ડ યુનિવર્સિટીની રસી સૌથી વધુ કારગર સાબિત થઈ રહી છે. કારણ કે એક તો તેના પરિણામ સારા આવી રહ્યા છે. બીજું તેની કિંમત અને ત્યારબાદ ઓછા તાપમાન પર સ્ટોરેજ થઈ શકવું એ તેને અન્ય રસીઓ કરતા અલગ બનાવે છે. ઓક્સફોર્ડ યુનિવર્સિટી અને એસ્ટ્રાજેનેકા કંપનીએ મળીને કોરોનાની રસી તૈયાર કરી છે. આ રસીને છઢ્ઢ૧૨૨૨ નામથી તૈયાર કરવામાં આવી રહી છે. જ્યારે ભારતમાં આ રસી કોવીશિલ્ડના નામથી તૈયાર થઈ રહી છે.

આ રસીના ત્રીજા તબક્કાની ટ્રાયલના પરિણામ જાહેર કરવામાં આવ્યા છે. રિઝલ્ટમાં બેવારના ડોઝના સામૂહિક આંકડા જોઈએ તો રસીની અસર ૭૦.૪ ટકા જોવા મળી. બે અલગ અલગ ડોઝમાં તેની અસર એકવાર ૯૦ ટકા અને બીજીવાર તેની અસર ૬૨ટકા જોવા મળી. ઓક્સફોર્ડની રસીની ટ્રાયલ બે પ્રકારે થઈ છે. એક ટ્રાયલમાં ઈંગ્લેન્ડમાં પહેલા અડધો ડોઝ અને ત્યારબાદ એક મહિના પછી આખો ડોઝ આપવામાં આવ્યો. આ પ્રકારે રસી ૯૦ ટકા પ્રભાવી જોવા મળી. બીજા પ્રકારની ટ્રાયલમાં બ્રાઝીલમાં એક મહિનામાં રસીના બે સંપૂર્ણ ડોઝ આપવામાં આવ્યા.

આ ટ્રાયલમાં રસીની અસર ૬૨ ટકા સુધી જોવા મળી. બંને પ્રકારના પરિણામોની સરેરાશ ૭૦ ટકા રહી. મેડિકલ સાયન્સમાં ૭૦ ટકા પ્રભાવી દવાને પણ સારી ગણવામાં આવે છે. કોરોનાના દર્દીઓને રસીના બે ડોઝ આપવા પડશે. ફાઈઝરની રસીના આ બે ડોઝની કિંમત ૩૦૦૦ રૂપિયા સુધીની થાય છે. જ્યારે મોર્ડનાના બે ડોઝની કિંમત ૫,૫૫૦ રૂપિયા હશે. જ્યારે ઓક્સફોર્ડ અને એસ્ટ્રાજેનેકાના ડોઝની કિંમત ૧૦૦૦ રૂપિયાથી ૧૨૦૦ રૂપિયાની વચ્ચે હશે.

## પંજાબમાં એક ડિસેમ્બરથી નાઈટ કર્ફ્યૂની જાહેરાત

ચંદીગઢ,તા.૨૫

પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહએ રાજ્યના તમામ શહરો અને કસ્બાઓમાં રાત્રે ૧૦ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી રાતનો કર્ફ્યૂનો આદેશ આપ્યો છે. આ આદેશ ૧ ડિસેમ્બરથી પ્રભાવી થશે. તેની સાથે જ કોવિડ સાથે જોડાયેલા નિયમોનું પાલન ન કરવા પર ૧૦૦૦ રૂપિયા દંડની જોગવાઈ રાખવામાં આવી છે. ૧ ડિસેમ્બરથી તમામ હોટલ, રેસ્ટોરાં અને વિવાહસ્થળ રાત્રે ૯:૩૦ વાગ્યાથી બંધ થઈ જશે. ૧૫ ડિસેમ્બરે આ પ્રતિબંધો અંગે સમીક્ષા કરવામાં આવશે. પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે કહ્યું છે કે, રાજ્યમાં કોરોના સંબંધી નિયમ (માસ્ક પહેરવા અને સામાજિક અંતરનું પાલન કરવું) નહીં પાળવામાં આવે તો બમણો દંડ વસૂલ કરવામાં આવશે. આ ઉપરાંત ૧ ડિસેમ્બરથી તમામ હોટલ, રેસ્ટોરાં અને લગ્ન સ્થળોને રાત્રે ૯:૩૦ વાગ્યે બંધ કરવાના નિર્દેશ આપવામાં આવ્યા છે.પંજાબમાં કોરોનાની સ્થિતિ પર એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બાદ સરકારી પ્રવક્તાએ જણાવ્યું કે કોરોનાના બચાવની ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરવા પર હવે ૫૦૦ રૂપિયાને બદલે ૧૦૦૦ રૂપિયા દંડ ફટકારવામાં આવશે.

## ધારાસભ્યોને પોતાની સાથે આવવા લાલુનો જેલમાંથી ખેલ

**બિહારમાં વિધાનસભાના સ્પિકરની ચૂંટણી પૂર્વે વિવાદ : ધારાસભ્યોને લલચાવવા લાલુએ ફોન કર્યાની ઓડિયો ક્લિપથી ખળભળાટ**

પટના/રાંચી, તા. ૨૫

બિહારમાં વિધાનસભા સ્પીકરની ચૂંટણી પહેલા એક ઓડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં દાવો કરાઈ રહ્યો છે કે આરજેડી પ્રમુખ લાલુ પ્રસાદ યાદવ જેલમાંથી ધારાસભ્યોને પોતાની સાથે આવવા માટે કહી રહ્યા છે. ઓડિયોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે ભાજપના ધારાસભ્ય લલન પાસવાનને લાલુ યાદવે ફોન કર્યો છે અને સ્પીકર માટે થનારા મતદાનમાં ગેરહાજર રહેવા માટે કહ્યું છે.જોકે, આ ઓડિયોની સત્યતાની પુષ્ટિ થઈ શખી નથી. ભાજપના નેતા સુશિલ મોદીએ પોતાના ટ્વીટર પર પણ આ ઓડિયો ક્લિપને શેર કરી છે.

ઓડિયોમાં લાલુ પ્રસાદ યાદવ કોઈને કૉલ કરી રહ્યા છે, જેમાં તેઓ કહે છે કે પાસવાનજી તમે સ્પીકરની ચૂંટણીમાં આરજેડીનો સાથ આપો. જ્યારે પાસવાન કહે છે કે તેઓ કોઈ પાર્ટી સાથે છે ત્યારે તેમને કહેવામાં આવે છે કે તે ગેરહાજર રહે. કહી દેજો કે કોરોના થઈ ગયો હતો. સ્પીકર અમારો બની ગયા પછી બધી વાતો જોઈ લેવામાં આવશે. એ પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે સરકાર પાડી દઈશું અને નવી સરકારમાં મંત્રી પણ બનાવીશું. આરજેડીના ધારાસભ્યોએ આ ઓડિયોને ફગાવી દીધો છે. ભાઈ વીરેન્દ્રએ કહ્યું કે લાલુ પ્રસાદ

● અનુસંધાન પાન-૭ પર





